***<u>મે. એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.</u>***

**<u>ફોજદારી ઈન્કવાયરી નં.–૨૧/૨૦૨૬.</u>**

***<u>અરજદાર ભરતભાઈ મથુરામભાઈ બારૈયા, રહે. દીહોર ગામ, તા.તળાજા, જિ.ભાવનગર ની બી.એન.એસ.એસ.ની કલમ–૫૦૩ મુજબની અરજી લગત હુકમ :–</u>***

(૧) અરજદારની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિ. એ.પી.પી.શ્રી એચ.બી.ચોગીને સાંભળ્યા. ત.ક.અ.શ્રીનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) હાલના અરજદારે તેમની અરજીમાં રજુઆત કરેલ છે કે, તેઓ અરજીમાં જણાવ્યા મુજબના સરનામે રહે છે તથા તેમની સાથે સાયબર ક્રાઇમનો બનાવ બનેલ, જેમાં તેમની STATE BANK OF INDIA-DIHOR, IFSC-SBIN0060018, ખાતા નં.–31617162780માંથી રૂ.72,324/-ઉપડી ગયેલા, જે અંગે તેમણે ૧૯૩૦/૧૦૦ નંબર ઉપર કોલ કરીને તા.18/2/2026 ના રોજ 31102260038609 નંબરથી ફરીયાદ દાખલ કરાવેલ. જે સબબ સાયબર ક્રાઇમ પોલીસ ધ્વારા સામાવાળાની (૧) CANARA BANKના ખાતા નં.–110289741561માં તેમના ગયેલ નાણા પૈકી રૂ.29,420/-તથા (૨) BANDHAN BANKના ખાતા નં.–20100036772492માં તેમના ગયેલ નાણા પૈકી રૂ.2,000/-મળી, કુલ રૂ.31,420/-બી.એન.એસ. એસ.ની કલમ–૧૦૬ મુજબ ફ્રિઝ કરાવેલા, જે આજદિન સુધી સદર બેન્કમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ.આઇ.આર. થયેલ નથી તેમજ તેઓને ખૂબ જ મોટુ આર્થિક નુકસાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રકમની જરૂરીયાત હોઈ, સદર નાણા તેમના ખાતામાં પરત અપાવવા માટે બી.એન.એસ.એસ.ની કલમ–૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) અરજદારની અરજી સબબ ત.ક.અ. એટલે કે, પી.આઇ.શ્રી, તળાજા પો.સ્ટે.ને સદર ગુના બાબતે તમામ પેપરસહિત સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવા હુકમ કરવામાં આવતા, તેમણે જા.નં.-૮૭૦/

૨૦૨૬, તા.૧૨/૩/૨૦૨૬ના રોજ અભિપ્રાય(આંક–૪) રજુ કરેલ. આમ, ત.ક.અ.નો અભિપ્રાય તથા સંલગ્ન પેપર્સ ધ્યાને લેતા, તે રકમ અરજદારને પરત(પાછા) આપવા તેમનો અભિપ્રાય થાય છે.

(૪) સદર કામે અરજી, બેન્ક–પેપર્સની નકલ, ત.ક.અ.નો અભિપ્રાય તથા તેને સંલગ્ન પેપર્સ વંચાણે લઈ, અરજદારે જે હકીકત જણાવેલ છે, તે હકીકત હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદઉપરાંત, રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા, હાલના કામે આજદિન સુધી કોઈ એફ.આઈ.આર. થયેલ હોય કે, હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેવુ જણાતુ નથી. વધુમાં, બનાવ બન્યાને આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં, આજદિન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાની અત્રેની અદાતલ સમક્ષ માંગણી કરતી કોઈ અરજી કરેલ નથી. વધુમાં, ત.ક.અ.નો અભિપ્રાય ધ્યાને લેતા, તેઓ સમક્ષ પણ કોઈએ આ નાણાની માંગણી કરેલ હોય તેમ જણાતુ નથી તેમજ ત.ક.અ. ધ્વારા સદર બેન્કના ખાતા બનાવટી હોવાનું જણાવેલ છે તથા સદરહું ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો, અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ(પોલીસ) સમક્ષ કોઈ વાંધા–તકરાર લીધેલ નથી. જેથી, ત.ક.અ. ધ્વારા સદર નાણા અરજદારને પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. આ સંજોગોમાં, અત્રેની અદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાણાનો કબજો મેળવવા હકકદાર હોવાનું જણાય છે.

(૫) આ તબકકે, સદર નાણા પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા/હકુમત જોતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૭માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

457. Procedure by police upon seizure of property.

(1) Whenever the seizure of property by any police officer is reported to a Magistrate under the provisions of this Code, and such property is not produced before a Criminal Court during

an inquiry or trial, the Magistrate may make such order as he thinks fit respecting the disposal of such property or the delivery of such property to the person entitled to the possession thereof, or if such person cannot be ascertained, respecting the custody and production of such property.

(2) If the person so entitled is known, the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit and if such person is unknown, the Magistrate may detain it and shall, in such case, issue a proclamation specifying the articles of which such property consists, and requiring any person who may have a claim thereto, to appear before him and establish his claim within six months from the date of such proclamation.

આમ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૭(૧)માં જણાવ્યા મુજબ જયારે, કોઇ પણ પોલીસ અધિકારી ધ્વારા મિલ્(તની જપ્તીની જાણ મેજિસ્ટ્રેટને કરવામાં આવે અને તપાસ દરમિયાન આવી મિલ્કત અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે, મેજિસ્ટ્રેટને આવી મિલ્કતના નિકાલ અથવા તો, કબજા બાબતે યોગ્ય લાગે તેવો હુકમ કરવાની સત્તા આપવામાં આવેલ છે. મુદામાલ કરન્સી નોટ પરત કરવા અંગે નામ. ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સ્પે.ક્રિમી.એપ્લી. નં.–૭૧૦૮/૨૦૧૫ તા.૮/૧૨/૨૦૧૫, અભય શ્રેણિકભાઇ ગાંધી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(૬) આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ સદર કેસની તમામ હકીકતો, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા, સદર નાણા બેન્કમાં જમા હોય તેથી, સદર રોકડ રકમના દર તેમજ સિરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ ભવિષ્યમાં પણ મુદામાલની ઓળખ બાબતની કોઇ તકરાર કે, પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં, નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. ગુજરાત રાજય, ૨૦૦૩(૧),

જી.એલ.એલ., પાના નં.–૩૦૭ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ, ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવાપાત્ર જણાતી હોઈ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. અરજદારની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૫૦૩ હેઠળ આથી, **મંજુર** કરવામાં આવે છે.

૨. અરજદારે સદર ગુનાના કામે સીઝ કરેલ કુલ રોકડ રકમ રૂ.31,420/-થી દોઢી રકમના જાત–જામીન(બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પો.સ્ટે.માં આપ્યેથી, આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડીરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. વધુમાં, હુકમ કરવામાં આવે છે કે, અરજદાર ધ્વારા હુકમ મુજબના જાત–જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પો.સ્ટે.માં આપ્યેથી પોલીસ અધિકારી ધ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે–તે બેન્કને કરવી તેમજ (૧) CANARA BANK તથા (૨) BANDHAN BANKને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી ધ્વારા અરજદારે હુકમ મુજબના જાત–જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પો.સ્ટે.માં આપેલ હોવાથી તથા સદર હુકમની જાણ થયેથી, દિન–૧૦માં તેમની (૧) CANARA BANKના ખાતા નં.–110289741561માં અરજદારના ગયેલ નાણા પૈકી રૂ.29,420/- તથા (૨) BANDHAN BANKના ખાતા નં.–2010003677 2492માં તેમના ગયેલ નાણા પૈકી રૂ.2,000/-મળી, કુલ રૂ.31,420/-જમા છે, તે રકમ અરજદારની STATE BANK OF INDIA-DIHOR, IFSC-SBIN0060018, ખાતા નં.–31617162780માં જમા કરાવી, તેની જાણ અત્રેની અદાલત

તથા સંબંધિત પો.સ્ટે.ને કરવી.

**<u>-: શરતો :-</u>**

(૧) અત્રેની અદાતલ જયારે ફરમાવે ત્યારે, અરજદારે આ નાણા અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે, અન્ય કોઇ વ્યકિત સદર નાણા ઉપર કલેઇમ કરે અને પોતાનો હકક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં, અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

(૩) સદર મુદામાલ રકમનો કોઇ ગુનાહિત કામે ઉપયોગ કરવો/ કરાવવો નહીં.

(૪) ઉપરોકત કોઇ પણ શરતનો ભંગ થયેથી, હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસૂલ કરવાનો પાત્ર રહેશે.

હુકમ આજ તારીખ-૧, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ :-તળાજા.

**(ચૈતન્ય નવનિતલાલ મારફતિયા)**
એડિશ્નલ ચીફ જયુડિ.મેજિ.-તળાજા.
(કોડ નં.-જી.જે.૦૦૮૮૮)

એચ.બી.જોષી.